ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૪ તા.૧૦.૧૧.૨૦૧૭

------------------

# જીએસટી કાઉન્સીલના ટેક્સદર ઘટાડાના નિર્ણય માટે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી અને નાણામંત્રીશ્રી અરૂણ જેટલીજીની લાખ-લાખ અભિનંદન પાઠવતાં ભાજપા પ્રદેશ પ્રમુખશ્રી જીતુભાઇ વાઘાણી

------------------

પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીએ જણાવ્યું હતુ કે, આજે ૨૩મી જીએસટી કાઉન્સીલની બેઠકમાં કાઉન્સીલે લીધેલ નિર્ણયોએ નાના વેપારીઓ અને ગ્રાહકો માટે મોટી રાહતવાળા નિર્ણયો છે. જીએસટી કાઉન્સીલ દ્વારા કરવામાં આવેલ આ સંશોધનોને આવકારી શ્રી વાઘાણીએ જણાવ્યું હતુ કે, ૧૭૮ જીવન જરૂરીયાતવાળી વસ્તુઓ પર ટેક્સનો દર ઘટવાને કારણે લોકોને રાહત મળશે. ભારતની અર્થવ્યવસ્થામાં મજબૂતી આવશે. નવા ભારતના નિર્માણના સંકલ્પ સાથે સતત કાર્યશીલ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના સૌના સાથ સૌના વિકાસના મંત્ર સાથે સમાજના બધા જ વર્ગો સાથે આગળ લઇ જવાની દ્રઢ ઇચ્છાશક્તિ આ નિર્ણયમાં દેખાઇ રહી છે.

શ્રી વાઘાણીએ જીએસટી કાઉન્સીલના આજના નિર્ણય માટે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી અને નાણામંત્રીશ્રી અરૂણ જેટલીજીની લાખ-લાખ અભિનંદન પાઠવ્યા હતા અને જણાવ્યું હતુ કે, જીએસટી અંગેના દરોના ઘટાડાના નિર્ણયથી તે સ્પષ્ટ થાય છે કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વવાળી સરકાર લોકની સમસ્યાઓ વિશે સંવેદનશીલ છે અને ઝડપથી નિર્ણયો લઇને સમસ્યાઓનું નિરાકરણ કરે છે. ૨૨૮ વસ્તુઓ કે જે ૨૮ ટકાના દરમાં આવતી હતી તેમાંથી ૧૭૮ વસ્તુઓને ૧૮ ટકા દરમાં લાવી દેવામાં આવી છે. તેમજ ૧૩ વસ્તુઓને ૧૮ ટકાના દરથી ઘટાડીને ૧૨ ટકામાં લાવી દેવામાં આવી છે અને ૮વસ્તુઓની ૧૨ ટકાથી ઘટાડીને ૫ ટકામાં લાવી દેવામાં આવી છે. રેસ્ટોરેન્ટમાં જમણવાર પર માત્ર ૫ ટકા જેટલો જીએસટી દર રાખવામાં આવ્યો છે. ૨ વસ્તુઓને ૨૮ ટકામાંથી ઘટાડીને ૧૨ ટકામાં લાવી દેવામાં આવી છે. ૬ વસ્તુઓને ૧૮ ટકામાંથી ઘટાડીને ૫ ટકામાં લાવી દેવામાં આવી છે અને ૬ વસ્તુઓ એવી હતી કે જેમાં ૫ ટકા જીએસટી હતુ તેને ટેક્સમાંથી મુક્ત કરવામાં આવી છે.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર- મીડીયા સેલ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૫ તા.૧૦.૧૧.૨૦૧૭

-------------------

**જીએસટી કાઉન્સીલે લીધેલા નિર્ણયો થકી નાના વેપારીઓને ખૂબ મોટી રાહત થશે - શ્રી અમિત શાહ**

-------------------

**વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વવાળી કેન્દ્રની ભાજપા સરકાર છેવાડાના માનવીના કલ્યાણ માટે સમર્પિત છે- શ્રી અમિત શાહ**

-------------------

**૧૭૮ વસ્તુઓ પર ટેક્સદરમાં થયેલ ઘટાડાના કારણે દેશના નાગરિકોને રાહત મળશે અને દેશની અર્થવ્યવસ્થા મજબૂત બનશે- શ્રી અમિત શાહ**

-------------------

**સરકારે લોકકલ્યાણને સર્વોચ્ચ માનીને લીધેલા નિર્ણયો એ જનભાગીદારીથી ચાલતી સંવેદનશીલ સરકારનું ઉત્તમ ઉદાહરણ પૂરુ પાડે છે. નિર્ણયોમાં લોકશાહીની ભાવનાઓનું પ્રતિબિંબ દેખાય છે- શ્રી અમિત શાહ**

-------------------

**જીએસટી કાઉન્સીલ દ્વારા લીધેલ નિર્ણય એ નવા ભારતના નિર્માણથી પ્રક્રિયામાં ખૂબ જ મહત્વનો નિર્ણય સાબિત થશે -શ્રી અમિત શાહ**

-------------------

**સરકારે સૌના સાથ સૌના વિકાસ અને સર્વસમાવેક્ષક શાસનનું એક મોટું ઉદાહરણ પુરુ પાડ્યું છે - શ્રી અમિત શાહ**

-------------------

રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહે જણાવ્યું હતુ કે, આજરોજ ૨૩મી જીએસટી કાઉન્સીલ દ્વારા લેવાયેલા જીએસટીના નિર્ણયોને હું આવકારુ છું અને આ નિર્ણયોના કારણે સામાન્ય જન અને નાના-નાના વેપારીઓને ખૂબ મોટી રાહત મળશે. શ્રી શાહે જણાવ્યું હતુ કે, ૧૭૮ વસ્તુઓ પર ટેક્સ દરમાં થયેલ ઘટાડાના કારણે દેશના નાગરિકોને રાહત મળશે અને દેશની અર્થવ્યવસ્થા મજબૂત બનશે. જીએસટી કાઉન્સીલ દ્વારા લીધેલ નિર્ણય એ નવા ભારતના નિર્માણની પ્રક્રિયામાં ખૂબ જ મહત્વનો નિર્ણય સાબિત થશે. શ્રી શાહે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી અને નાણામંત્રીશ્રી અરૂણ જેટલીજીને લાખ-લાખ અભિનંદન પાઠવતા જણાવ્યું હતુ કે, આજના નિર્ણયો દેશના ગરીબ અને મધ્યમ વર્ગ પ્રત્યે અમારી સંવેદનશીલ સરકારનું પ્રતિબિંબ છે.

શ્રી શાહે વધુમાં જણાવ્યું હતુ કે, જીએસટીનો કાયદો જ્યારે લાગુ કર્યો હતો ત્યારે સરકારે જણાવ્યું હતુ કે, સમયાંતરે વેપારીઓ તેમજ દેશની જનતા જનાર્દનના બહુમુલ્ય વિચારોને ધ્યાનમાં રાખીને સમયાંતરે તેમાં સંશોધન કરી શકાશે. તે સંદર્ભે જીએસટી કાઉન્સીલ દ્વારા લાગુ કર્યાથી આજ સુધી તમામ વિચારો- પ્રતિક્રિયાઓ- સુવિધાઓ અને વ્યવહારિકતાનું આકલન કરીને ખૂબ જ ઉંડાણપૂર્વક અભ્યાસ કરીને આજે જે નિર્ણય લેવાયો છે તે સામાન્ય નાગરિકો અને નાના-મોટા બધા જ વેપારી વર્ગને તેમજ સ્થાનિક બજારને તેના થકી ખૂબ જ રાહત મળશે.

શ્રી શાહે જણાવ્યું હતુ કે, સરકારે સૌના સાથ સૌના વિકાસ અને સર્વસમાવેશક શાસનનું એક મોટું ઉદાહરણ પુરુ પાડ્યું છે. સરકારે લોકકલ્યાણને સર્વોચ્ચ માનીને લીધેલા નિર્ણયો એ જનભાગીદારીથી ચાલતી સંવેદનશીલ સરકારનું ઉત્તમ ઉદાહરણ પૂરુ પાડે છે. નિર્ણયોમાં લોકશાહીની ભાવનાઓનું પ્રતિબિંબ દેખાય છે.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર- મીડીયા સેલ